
GS, MS અને C.S. પાઇપો
ગેલ્વેનાઇઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઇપો
IBR પાઇપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, કિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૬૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ સાતમ શનિવાર ૩ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૧ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# મુંબઈમાં સીજેપીના દેખાવોમાં હજારો યુવા ઉમટ્યા

**જ્ઞાનેશ** કુમાર રાજીનામુ નહીં આપે તો જંતર મંતર ૨.૦: સીજેપીની ચેતવણી

**આંદોલનકારીઓને** સંબોધતા સીજેપી સ્થાપક અભિજીત દીપ્કેએ ભાજપ, મોદી, અમિત શાહ પર પણ પ્રહારો કર્યા

**ભાજપના** વિજય માટે જ જ્ઞાનેશ કુમારની સીઇસી પદે નિમણૂક કરાઇ હોવાનો આક્ષેપ

મુંબઈ, તા. ૨(પીટીઆઈ): મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શુક્રવારે અહીંના શિવાજી પાર્ક ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. પાર્ટીના નેતા અભિજીત દીપ્કેએ ચીતવણી આપી હતી કે જો તેઓ રાજીનામું નહીં આપે તો "જંતર મંતર ૨.૦" જેવા આંદોલનનો સામનો કરવો પડશે.

આંદોલનકારીઓને સંબોધતા દીપ્કેએ ભાજપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પણ પ્રહારો

...અનુસંધાન પાના 11 પર





## જ્ઞાનુ, રિઝાઇન: CJPના દેખાવોમાં મીમ્સ, સૂત્રોની ભરમાર

**શિવાજી** પાર્ક ખાતે સીજેપીના વિરોધ પ્રદર્શનમાં અનેક પીઢ બોલીવુડ કલાકારો પણ જોડાયા

**આંદોલનકારીઓએ** અનોખા પ્રતિકોનો ઉપયોગ કર્યો: પ્લે કાર્ડ્સ સાથે મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા

મુંબઈ, તા. ૨(પીટીઆઈ): શિવાજી પાર્ક ખાતે શુક્રવારે પોલીસ બેરિકેડ્સની દીવાલ અને કાળઝાળ ગરમી પણ આંદોલનકારીઓના જુસ્સાને ઓછો કરવામાં નિષ્ફળ રહી હતી, જ્યારે કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નિશાન બનાવવા માટે વ્યંગાત્મક મીમ્સ અને ફિલ્મી સંવાદો લખેલા પ્લેકાર્ડ્સ સાથે યુવા પ્રદર્શનકારીઓ કોકરોચ જનતા પાર્ટી(CJP)ના આંદોલન માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

આ વિરોધ પ્રદર્શન ત્યારે સ્ટાર સ્ટડેડ સભામાં ફેરવાઈ ગયું જ્યારે પીઢ કલાકારો નસીરુદ્દીન શાહ અને શબાના આઝમી સાથે ફિલ્મ નિર્માતાઓ વિશાલ ભારદ્વાજ અને હંસલ મહેતા, ગાયક-સંગીત નિર્દેશક વિશાલ દદલાણી અને મહાત્મા ગાંધીના પરપૌત્ર તુષાર ગાંધી યુવા પ્રવાસીઓ અને આંદોલનકારીઓ સાથે જોડાયા હતા. શિવાજી પાર્કના રહવાસીઓના વિરોધ અને દાદર સ્ટેશન સુધી ભારે સુરક્ષા બંદોબસ્ત હોવા છતાં, પ્રદર્શનકારીઓએ આ વિસ્તારને ક્રાંતિકારી નારાઓ, ગાંધીવાદી વિચારો અને જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માંગ કરતા બોર્ડ્સથી ભરી દીધો હતો.

ત્રિરંગો લહેરાવવાની સાથે "ગ્યાનુ, તુઝા ડેમોક્રેસી વર ભરોસા નાય કાય?", "જ્ઞાનેશ બ્રો, જસ્ટ રિઝાઇન" અને "ગદ્દાર ગ્યાનુ મસ્ટ ગો"ના નારા વાળા પોસ્ટરો સાથે સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા(SFI) જેવા જૂથોના કાર્યકરો અને યુવાનો મોટી સંખ્યામાં ભીડ સ્વરૂપે આવી પહોંચ્યા હતા. પ્રદર્શનકારીઓએ

...અનુસંધાન પાના 11 પર

## CECના રાજીનામાની માગ સાથે દિલ્હીમાં આપ અને વિદ્યાર્થી સંગઠનો રસ્તા પર ઉતર્યા

**વિરોધ** પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોએ સૂત્રોચ્ચારો સાથે જંતર મંતર સુધી પહોંચવા પ્રયાસ કર્યો

**જંતર** મંતર નજીક કોઇને ભેગા થવા નહીં દેવાયા: આતિશી સહિત ૭૦૦થી વધુ દેખાવકારોની અટકાયત



### ઇન્ટરનેટ બંધ, ૧૨ મેટ્રો સ્ટેશનોના દરવાજા બંધ

વિરોધ પ્રદર્શન વચ્ચે મધ્ય દિલ્હીમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી, જ્યારે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે 12 મેટ્રો સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. આમાં રાજીવ ચોક અને સેન્ટ્રલ સેક્રેટરિયેટ જેવા મહત્વના સ્ટેશનો પણ શામેલ હતા. જંતર મંતર આસપાસના વિસ્તાર અને ત્યાં જતા રસ્તાઓ પર અફરાતફરીના દ્રશ્યો જોવા મળ્યા હતા, કારણ કે પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ વચ્ચેથી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.

નવી દિલ્હી, ૨(PTI): મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શુક્રવારે વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો શેરીઓમાં ઊતરી આવ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશી સહિત ૭૦૦થી વધુ પ્રદર્શનકારીઓની જંતર મંતર નજીકના અને આસપાસના વિસ્તારોમાંથી અટકાયત કરી હતી.

વિરોધ પ્રદર્શન દરમિયાન "એક કચોરી, દો સમોસા, જ્ઞાનેશ તુમ્હારા ક્યા ભરોસા" અને "ગલી-ગલી મેં શોર હૈ, મોદી-જ્ઞાનેશ વોટ ચોર હૈ" જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આપ પક્ષના નેતાઓ અને AISA, SFI, NSUI સહિત અન્ય વિદ્યાર્થી તેમજ યુવા સંગઠનોના સભ્યો મતદાર યાદીની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયામાં કથિત ગડબડ અને મોટા પાયે મતદારોના નામ રદ કરવાના વિરોધમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. જો કે આ સંગઠનોના નેતાઓને જંતર મંતર ખાતે ભેગા થવા દેવાયા ન હતા અને તેઓ ત્યાં પહોંચે તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. આપ નેતા સૌરભ ભારદ્વાજ અને સંજીવ ઝાની કેટલાક કાર્યકરો સાથે જંતર મંતર પરથી અટકાયત કરવામાં આવી હતી, AISA અધ્યક્ષ નેહા બોરા અને સંગઠનના અન્ય સભ્યો જંતર મંતર તરફ દોડતા જોવા મળ્યા હતા, પરંતુ દિલ્હી પોલીસ દ્વારા તેમને વચ્ચે જ રોકી દેવામાં આવ્યા હતા. ફિરોઝ શાહ રોડ અને અશોકા રોડ જેવા અનેક સ્થળોએ પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ પાર કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે કે પોલીસકર્મીઓએ તેમને નિયુક્ત વિરોધ સ્થળ તરફ આગળ વધતા

...અનુસંધાન પાના 11 પર

## ભારતે લશ્કરના ત્રાસવાદીને ઠાર માર્યા બાદ પાકિસ્તાને 'નકલી' મોહમ્મદ આસિફને રજૂ કર્યો



ઈસ્લામાબાદ, તા. 2: ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરના બડગામમાં લશ્કર-એ-તૈયબાના કમાન્ડર અને પાકિસ્તાની એસએસજીના પૂર્વ કમાન્ડો મોહમ્મદ આસિફ ઉર્ફે હાશિમ મૂસાને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. જોકે, ભારતનો દાવો ખોટો સાબિત કરવા માટે પાકિસ્તાની સેનાએ (ડીજી આઈએસપીઆર) પત્રકાર પરિષદમાં મોહમ્મદ આસિફ નામના એક વ્યક્તિને રજૂ કરીને તે જીવંત હોવાનો દાવો કર્યો હતો.

પરંતુ, પાકિસ્તાનનો આ પ્રોપેગેન્ડા તરત જ ખુલ્લો પડી ગયો. સ્વતંત્ર ઓએસઆઈએનટી નિષ્ણાતો, સંરક્ષણ વિશ્લેષકો અને પૂર્વ ભારતીય લશ્કરી અધિકારીઓએ જૂની તસવીરો સાથે સરખામણી કરીને ચહેરાના ફિચર્સ, નાક, કાન અને આંખોની રચનામાં તફાવત દર્શાવીને આ દાવો ફગાવી દીધો હતો.

હકીકતમાં, માર્યા ગયેલો હાશિમ મૂસા 2025ના પહેલગામ આતંકી હુમલામાં સામેલ હતો અને પરવેઝ મુશર્રફની સુરક્ષા ટીમનો પણ હિસ્સો રહી ચૂક્યો હતો. તે પીર પંજાલ વિસ્તારમાં સક્રિય છેલ્લો બચેલો મુખ્ય આતંકવાદી હતો. ભારતે તેને ઠાર કરીને લશ્કરના નેટવર્કને મોટો ઝટકો આપ્યો છે, આ આંચકાને છુપાવવા પાકિસ્તાને નકલી વ્યક્તિ રજૂ કરવાનું નાટક કર્યું હતું.

## G7 દેશો ૧૦ કરોડ બેરલ ઓઈલ છૂટું કરવા સહમત

**અનામત** જથ્થામાંથી ડીઝલ સહિત આટલું ઓઇલ છૂટું કરાશે, ચૂંટણી પહેલા ટ્રમ્પને મોટી રાહત



વોશિંગ્ટન, તા. ૨(એપી): ગ્રુપ ઓફ સેવન(G7) ઔદ્યોગિક દેશોએ જણાવ્યું છે કે તેમણે ૧૦ કરોડ બેરલ તેલ છૂટુ કરવા માટે સહમતી સાધી છે, જેમાં ખાસ કરીને અમેરિકામાં તાજેતરમાં રેકોર્ડ બ્રેક ભાવ સપાટીએ પહોંચેલા ડીઝલના પુરવઠાનો મોટો હિસ્સો તાત્કાલિક રીલીઝ કરવામાં આવશે. આ અંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ જણાવ્યું હતું કે ડીઝલ રિલિઝ કરવાનું કાર્ય તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

નવેમ્બરમાં આવી રહેલી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા વધતા જતાં ભાવોને અંકુશમાં લેવા માટે ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી પર ભારે દબાણ છે. ટ્રમ્પે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ પગલાંની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, યુરોપ તેમના વિશાળ સ્ટોકમાંથી મોટી માત્રામાં ડીઝલ ઓઈલ બહાર પાડવા માટે સહમત થયું છે. આ પ્રક્રિયા તરત જ શરૂ થશે. ઈરાન યુદ્ધ અને તેમની વેપાર લડાઈઓને કારણે અમેરિકામાં તેલ અને અન્ય વસ્તુઓના ભાવ વધતાં પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતાના રેટિંગમાં ઘટાડો નોંધાયો છે.

આ આઠ મહિના લાંબા યુદ્ધ દરમિયાન અમેરિકા અને વિદેશોમાં ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે. યુદ્ધ પછી ભાવો નીચે આવશે તેવી ટ્રમ્પે ખાતરી આપી છે, છતાં પણ હાલમાં યુદ્ધનો અંત નજીક દેખાતો નથી. અમેરિકા સ્થિત ફ્રેંચ એમ્બેસી અનુસાર, વધતા ઈંધણના ભાવ અને પેટ્રોલિયમ પેદાશોની ઉપલબ્ધતા વિશે ચર્ચા કરવા માટે ટ્રમ્પે રાતોરાત G7ના અધ્યક્ષ અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ મેક્રોને શુક્રવારે આ મુદ્દા પર ચર્ચા કરવા G7 નેતાઓની એક વિડિયો કોન્ફરન્સ યોજી હતી. ફ્રાન્સ પાસે હાલ G7 જૂથનું ફરતું પ્રમુખપદ છે અને વાતચીત પછી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

## એશિયન ગેમ્સ ક્રિકેટ ફાઇનલમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો



**ટ્રીકી** પીચ પર ગોલ્ડ જીતવા સજ્જ ભારતીય ટીમ સામે યુવા પાકિસ્તાની ટીમ પડકાર સર્જી શકે

**સવારે** 10:30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર

નગોયા, તા. 02 (પીટીઆઇ) : એશિયન ગેમ્સ પુરુષ ક્રિકેટ સ્પર્ધાની આવતીકાલે શનિવારે રમાનારી ફાઇનલમાં વિશ્વ ચેમ્પિયન ભારત

...અનુસંધાન પાના 11 પર

### ભારતીયો પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવે તેવી સંભાવના ઓછી

બંને ટીમો મેદાન પર જીત મેળવવા માટે કોઈ કસર છોડશે નહીં, અને મેદાનની બહાર પણ તણાવ ચાલુ રહેવાની શક્યતા છે. ગયા વર્ષના એશિયા કપ દરમિયાન હાથ ન મિલાવવાની પરંપરા શરૂ થઈ હોવાથી, ખેલાડીઓ આ મેચ પહેલા કે પછી હાથ મિલાવશે તેવી શક્યતા ઓછી છે. એશિયન ગેમ્સ દરમિયાન જો કે વોલીબોલ, ટેબલ ટેનિસ અને હોકીમાં, ભારતીય અને પાકિસ્તાની ખેલાડીઓ તેમની મેચ પછી હાથ મિલાવતા અને એકબીજાને ભેટતા જોવા મળ્યા હતા, પણ ક્રિકેટમાં એવી સંભાવના જણાતી નથી.

### ACC પ્રમુખ મોહસીન નકવી ભારત-પાકિસ્તાન વચ્ચેની ફાઇનલમાં હાજર નહીં રહે

દુબઈ, તા. 02 : એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) ના પ્રમુખ મોહસીન નકવી શનિવારે જાપાનના નિશિન શહેરના કોરોગી પાર્ક ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાનારી એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ મેચ દરમિયાન હાજર રહેશે નહીં. એસીસીએ પોતાના સત્તાવાર મીડિયા હેન્ડલ 'X' પર લખ્યું હતું કે પ્રમુખ મોહસીન નકવી અગાઉની પ્રતિબદ્ધતાને કારણે એશિયન ગેમ્સ 2026 ની ફાઇનલમાં હાજરી આપી શકશે નહીં પરંતુ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મેચ પહેલા ચારેય ટીમોને તેમની હાર્દિક શુભેચ્છાઓ મોકલાવી છે. નકવીએ પોસ્ટમાં કહ્યું કે એશિયન ગેમ્સ 2026 માં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મુકાબલા પહેલા બધા સહભાગીઓને મારી હાર્દિક શુભેચ્છાઓ. પ્રતિબદ્ધતાને કારણે,

...અનુસંધાન પાના 11 પર

## ફ્લાયદુબઇની ઘટનામાં ઇરાનનો હાથ જણાશે તો તેના પર સખત પ્રહાર કરાશે: ટ્રમ્પ

**હુમલાખોર** કો-પાયલોટના ઇરાન સાથે સંબંધો હતા કે કેમ? તે અંગે અમેરિકા તપાસ કરી રહ્યું છે

યરુશલેમ, તા. ૨(AP) અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે જો ઈરાન ઇઝરાયેલ જતી ફ્લાઇટને ક્રેશ કરવાનો પ્રયાસ કરનાર કો-પાઇલટ સાથે જોડાયેલું માલૂમ પડશે, તો વિમાનમાં સવાર ૧૮૦થી વધુ લોકોના જીવ લેવાના આ પ્રયાસ બદલ તેના પર "ખૂબ જ જોરદાર" હુમલો કરવામાં આવશે.

તપાસકર્તાઓ કો-પાઇલટે કેમ ફ્લાઇટના કેપ્ટન પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો તેનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે ટ્રમ્પે આ ચેતવણી આપી હતી. આ હુમલાને કારણે ફ્લાયદુબઈનું પ્લેન નીચે તરફ ખાબકવા લાગ્યું હતું, ત્યારબાદ બોર્ડ પરના અન્ય લોકોએ હુમલો રોક્યો હતો અને એરલાઇનરને સાઉદી અરેબિયામાં સુરક્ષિત લેન્ડ કર્યું હતું.

વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો દ્વારા પ્રમુખને પૂછવામાં આવ્યું હતું કે હુમલા પાછળના પાયલટ અને તેહરાન વચ્ચેના કોઈ સંબંધો વિશે તેમને જાણ કરવામાં આવી છે કે નહીં. ટ્રમ્પે કહ્યું, "હું જે સાંભળી રહ્યો છું તેના આધારે કહી શકું કે તેનો જવાબ 'હા' છે, પરંતુ અમે હાલ તેના પર કામ કરી રહ્યા છીએ." ઈરાન સામેલ હોવાની તેમને કેમ શંકા છે તે અંગે તેમણે વધુ વિગતો આપી નહોતી. જો ઈરાન આ હુમલા પાછળ હોય તો શું અલ્ટિમેટમ આપીને અમેરિકા તેહરાન સામે જવાબી કાર્યવાહી કરશે? તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું, ઓહ, તેમના પર ખૂબ જોરદાર પ્રહાર કરવામાં આવશે, તમે ચિંતા ન કરો.

## મોદીએ બહાદૂર કૅપ્ટન સ્મિત સાથે વાત કરી

**હું** અન્યોને મરવા નહીં દેવા પ્રતિબદ્ધ હતો: કેપ્ટન

**યુએઇની** હોસ્પિટલમાં સારવાર લેતા મછારને વડાપ્રધાને ફોન લગાડ્યો, થોડી વાત ગુજરાતીમાં પણ થઇ

**સ્મિતના** માતા ગીતાબેન સાથે પણ મોદીએ ફોન પર વાત



નવી દિલ્હી, તા. ૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફ્લાયદુબઈના કેપ્ટન સ્મિત મછારને ફોન લગાડયો હતો, જેઓ કોકપીટમાં હુમલો થયા બાદ હાલ યુએઈની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મછારે આ હુમલા વખતની ઘટનાઓ યાદ કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરતી વખતે જણાવ્યું હતું કે, અડધે રસ્તે કો-પાઈલટ દ્વારા હુમલો કરવામાં આવ્યા પછી પણ, તેમણે નક્કી કરી લીધું હતું કે તેઓ અન્ય લોકોનો જીવ જવા નહીં દે. પોતાનામાં જેટલી પણ તાકાત બચી હતી, તેનાથી તેમણે વિમાનને બચાવી લીધું હતું.

વડાપ્રધાને પાઈલટ સાથે ફોન પર વાત કરી હતી. પાઈલટ હાલ યુએઈની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બુધવારે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઈટ FZ1073ના કોકપિટમાં કો-પાઈલટ દ્વારા છરીના ઘા ઝીંકીને ગંભીર રીતે ઘાયલ કરાયેલા મછારે વડાપ્રધાન સાથે વીડિયો કોલ પર આ ઘટનાની વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ મુશ્કેલીમાં હોય છે, ત્યારે તેઓ ભગવાન હનુમાનને સમર્પિત 'હનુમાન ચાલીસા'ના પાઠ કરે છે.

પાઈલટે કહ્યું, "હું કોકપિટના ફ્લોર પર ઘાયલ હાલતમાં પડ્યો હતો. મારામાં જેટલી પણ તાકાત બચી હતી, તેનાથી મેં યોગ્ય રીતે નિર્ણય લઈને વિમાનને બચાવી લીધું." તેમણે ઉમેર્યું, "હું મારી પોતાની જિંદગી માટે લડી રહ્યો હતો, પણ સાથે જ હું અન્યોને મરવા નહીં દેવા પણ પ્રતિબધ્ધ હતો. એ ક્ષણ ખૂબ જ નાજુક હતી. એ જ વખતે મને અહેસાસ થયો કે વિમાન નીચે તરફ જઈ રહ્યું છે. મને ઘણી ઈજાઓ થઈ હતી. મને માર મારવામાં આવ્યો હતો, છતાં મેં મારી જાતને કહ્યું કે મારે ઊભા થઈને પગલાં લેવા જ પડશે.

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૨-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૭૭૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૨ સે. | ૨૪.0 સે. | 33% |